## ઘડપણ-મનની અવસ્થા

પ્રત્યેક સુર્યાસ્ત નવું અંધારું મુકતો જાય છે. પ્રત્યેક સુર્યોદય નવું અજવાળું લેતો આવે છે.

છાશ પીવાનું ઘટતું જાય છે અને બીયર પીવાનું વધતું જાય છે. ગોળપાપડી ખાવાનું ઘટતું જાય છે અને ચોકલેટ ખાવાનું વધતું જાય છે. ગાય પાળવાનું ઘટતું જાય છે અને કુતરાં પાળવાનું વધતું જાય છે.
ચાલવાનું ઘટતું જાય છે અને“સ્કુટરવા”નું વધતું જાય છે. વીચારવાનું ઘટતું જાય છે અને ડાચું વકાસીને ટીવી જોયા કરવાનું વધતું જાય છે.
લોહીની સગાઈની અને લગ્નસંબંધની બોલબાલા ઘટતી જાય છે અને મનમેળનાં માનપાન વધતાં જાય છે. માબાપની કડકાઈ ઘટતી જાય છે અને સંતાનોની જોહુકમી વધતી જાય છે. ભાખરીની જગ્યાએ બ્રેડ અને ઢેબરાંની જગ્યાએ પીત્ઝાનું ચલણ વધતું જાય છે.
લીંબુનું શરબત એકાએક લીમકા બની જાય છે. યુગલ હોય એવાં કપ-રકાબીની જગ્યાએ વાંઢો “મગ” આવી જાય છે. ઘરેઘરે ગૃહીણીઓ કહેતી થઈ છેઃ “આજે બહાર જમી આવીએ.” સ્કુટર નારીમુક્તીનું વાહન બની રહ્યું છે.

જુની આંખે નવા તમાશા જોવાની પણ એક મઝા હોય છે. આવી મઝા ન માણી શકે તેવી અવસ્થાને જ **ઘડપણ** કહેવામાં આવે છે. ઘડપણ મનની અવસ્થા છે.

### ડૉ. ગુણવંત શાહ

“**વીરાટને હીંડોળે**” પુસ્તકમાંથી સાભાર……
‘**કલાપી-વીજયા**’ ગુજરાતી ફોન્ટમાં અને ‘**ઉંઝા જોડણી**’ માં પુનર્લેખનઃ uttamgajjar@hotmail.com
ઑગસ્ટ ૨૧,૨૦૦૫

## ghad'pan'-manani avastha'

pratyek surya'st navu andha'ru mukato ja'y ch'e. pratyek suryoday navu ajva'l'u leto a've ch'e.

ch'a'sh piva'nu ghat'atu ja'y ch'e ane biyar piva'nu vadhatu ja'y ch'e. gol'pa'pad'i kha'va'nu ghat'atu ja'y ch'e ane choklet' kha'va'nu vadhatu ja'y ch'e. ga'y pa'l'va'nu ghat'atu ja'y ch'e ane kutra' pa'l'va'nu vadhtu ja'y ch'e.

cha'lava'nu ghat'atu ja'y ch'e ane "skut'arva'"nu vadhtu ja'y ch'e.
vicha'rva'nu ghat'atu ja'y ch'e ane d'a'chu vaka'sine TV joya' karva'nu vadhatu ja'y ch'e.

lohini saga'ini ane lagnasambandhni bolba'la' ghat'ati ja'y ch'e ane manmel'na' ma'npa'n vadhata' ja'y ch'e. ma'ba'pni kad'aka'i ghat'ati ja'y ch'e ane santa'noni johukami vadhati ja'y ch'e. bha'kharini jagya'e bred' ane dh'ebara'ni jagya'e pitza'nu chalan' vadhatu ja'y ch'e.

limbunu sharabat eka'ek limka' bani ja'y ch'e. yugal hoy eva' kap-raka'bini jagya'e va'ndh'o 'mag' a'vi ja'y ch'e. ghare ghare gruhin'io kaheti thai ch'e:" a'je baha'r jami a'vie." skut'ar na'rimuktinu va'han bani rahyu ch'e.

juni a'nkhe nava' tama'sha' jova'ni pan' ek maza' hoy ch'e. a'vi maza' na ma'n'i shake tevi avastha'ne ja ghad'apan' kheva'ma' a've ch'e. ghad'apan' manani avastha' ch'e.

### Dr. Gun'vant Sha'h

**"Vira't'ne Hind'ol'e"** pustakma'thi sa'bha'r..
-'**eBha'rti' Romanized Gujara'tima' ane 'Unza' Jod'an'i'ma'**
punarlekhan:uttamgajjar@hotmail.com

**August 21,2005**

PDF created with pdfFactory trial version www.pdffactory.com

PDF created with pdfFactory trial version www.pdffactory.com